**ગાંધીનગર સમાચાર**

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૯ ટકા

# સિવિલના તાત્કાલીક વિભાગમાં ઓરી-રૂબેલા રસી અંગે સ્પેશીયલ કોટ

ગાંધીનગર, તા. ૨૮
રાજયભરમાં નવ માસથી લઈને ૧૫ વર્ષના બાળકોને ઓરી-રૂબેલાની રસી આપવામાંઆવી રહી છે ત્યારે કોઈક ઠેકાણે રસી લીધા બાદ તેની આડઅસર થઈ હોવાના કિસ્સા ધ્યાને આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર જિલ્લામાંપણ કોઈ બાળકને રસી લીધા બાદ આડઅસર જેવું લાગે તો સિવિલના તાત્કાલીક વિભાગમાં તેના માટે ખાસ બેડ તૈયાર રાખવામાં આવ્યો છે અને બાજુમાં કઈ કઈ દવા આપવી તેની વિગત પણ લખવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ બેડની જરૂરત કોઈને પડી નથી.



સમગ્ર રાજયમાં ચાલી રહેલા ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ નવ માસથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકોને ઓરી-રૂબેલાની રસી આપવામાં આવી રહી છે. આ રસીની આડઅસર ના થાય તે માટે પણ આરોગ્ય તંત્ર દ્વારા પુરે પુરી કાળજી લેવામાં આવી રહી છે. છતા પણ કોઈ કિસ્સામાં પણ રસી આપ્યા બાદ કોઈ બાળકને રીએકશન આવે તો તંત્ર એ પુરતી તૈયારીઓ કરી રાખી છે. આ અંગે ડોક્ટર્સ તેમજ સ્ટાફને તાલિમબધ્ધ કરાયા છે. આ કિસ્સામાં સત્વરે બાળકને સારવાર મળી રહે તે માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં એક અલાયદી પથારી પણ તૈયાર કરી રાખવામાં આવી છે. તેની બાજુમાં આડઅસર વખતે શું શું સારવાર આપવી તેની માહિતી પણ લખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર-જિલ્લામાં મળીને કુલ ૧ લાખ થી વધુ બાળકોને ઓરી-રૂબેલાની રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. તેમ છતા આડઅસરના કિસ્સા નહીં બનતા આ પથારીની જરૂરીયાત પડી નથી તે સારી બાબત છે.

# વાવોલમાં વધુ એક વૃક્ષ ધરાશાયી



વાવોલમાં ફરી એકવાર વૃક્ષ ધરાશાયી થવાની ઘટના બની હતી અને આ વખતે કેટલાંક બાળકો તેનો ભોગ બનતા આબાદ બચી જવા પામ્યા હતા. વાવોલના દરબાર વાસમાં એક પીપળાના વૃક્ષ નીચે બપોરના સુમારે રજાનો દિવસ હોવાથી આશરે ૧૦થી વધુ બાળકો રમી રહ્યા હતા ત્યારે અચાનક જ પીપળાનું વૃક્ષ પડયું હતું. પરંતુ તે પહેલા વૃક્ષ નીચેથી પસાર થતી વીજલાઈન પર પડતા તેમાં શોર્ટ સર્કીટથી ભડાકા થયા હતા જેના કારણે બાળકો ગભરાઈને દૂર ભાગી ગયા હતા. ત્યારબાદ વૃક્ષ ધરાશયી થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

## @ગાંધીનગર

● ત્રિદલ સંસ્થાની માસિક બેઠક સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે મળશે.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્ર સવારે ૮.૩૦ કલાકે યોગેશભાઈ વ્યાસ, પ્લોટ નં. ૭૨૨/૨, પંચશીલ સોસાયટી, સે-૨૧ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા ગુરુ મહિમા વિશે સમજ અને વિવિધ રમતો સે-૭ના બગીચા ખાતે સાંજે ૬.૧૫થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● પાટીદાર ટ્રાવેલ્સની વાર્ષિક સામાન્યસભા ટાઉનહોલ સે-૧૨ ખાતે સવારે ૯ કલાકે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૨ના રોજ સુરંગના હિડોળાના દર્શન સાંજે ૫થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં શ્યામ ઘટાના કલાત્મક હિંડોળા સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન યોજાશે.



## આઈઆઈટી-જીનો ૭મો પદવીદાન સમારોહ

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીજી ખાતે ૭મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં ૩૨૮ વિદ્યાર્થીઓએ સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. આ વિદ્યાર્થીઓ પૈકી ૨૧ વિદ્યાર્થીઓ સુવર્ણ ચંદ્રક, ૧૦ વિદ્યાર્થીઓ રજત ચંદ્રક અને ૧૬ વિદ્યાર્થીઓ કાંસ્ય ચંદ્રકથી સન્માનવામાં આવ્યા હતા.

# લોહાણા યુવા સંગઠન દ્વારા ગૌરી વ્રત નિમિત્તે ફળોનું વિતરણ



ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા આદર્શ નિવાસી (કન્યા) શાળા, સેકટર-૮ ખાતે કન્યાઓને કાજુ, બદામ, અખરોટ, દ્રાક્ષ સહિતનો સૂકો સેવો અને ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા અનોખી પહેલ કાર્યરત કરવામાં આવી છે જેમાં સંસ્થાના યુવાનો દ્વારા જરૂરીયાત મંદ લોકોને સામાજીક સેવાના કાર્ય થકી મદદ પહોંચાડવામાં આવે છે. જે અંતર્ગત આદર્શ નિવાસી (કન્યા) શાળા, સે-૮ની ૧૬૦ કન્યાઓને વ્રતના પવિત્ર તહેવાર નિમિત્તે વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ નિલેશ પુજારા, ઉપપ્રમુખ પાર્થ ઠક્કર, મંત્રી ચિંતન ઠક્કર, સંગઠન મંત્રી સચિન ઠક્કર, કારોબારી સદસ્ય જીગ્નેશ મજીઠીયા, અમીત હાલાણી, પ્રિયંક જોબનપુત્રાએ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્યા શ્રીમતી જયોતીકાબેન સંજયભાઈ રાવલ સહિત સ્ટાફ મિત્રોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## વાતવાતમાં

● શહેરના સેકટર-૨૧ ખાતેના પેટ્રોલ પંપ પાસે મુખ્ય માર્ગ પર સ્કૂટર લઈ પસાર થતી યુવતિએ ભૂલમાં સ્કૂટર વાછરડી સાથે અથડાવી દીધું હતું. આ અકસ્માતમાં યુવતિ સ્કુટર સાથે પડી જતા તેને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

# ગિફટ સિટીમાં બાઈક સ્લીપ થતા એકનું મૃત્યુ : બે ઘાયલ

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર નજીક ગીફ્ટ સીટીમાંથી બાઈક પર ત્રણ સવારી પસાર થઈ રહેલા યુવાનોને બાઈક સ્લીપ થઈ જતા અકસ્માત નડયો હતો. બાઈક ચાલક યુવાને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ડીવાઈડર પર અથડાઈને ત્રણેય બાઈક સવારો ફંગોળાઈને પટકાયા હતા. અકસ્માતમાં એક યુવાનનું કરૂણ મૃત્યુ નીપજયું હતું જ્યારે બે યુવાનોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે ડભોડા પોલીસ મથકમાં નોંધ થઈ હતી પરંતુ કોઈ ફરિયાદ દાખલ થવા પામી નથી.

ત્રણ યુવાન મિત્રો આજે બપોરના અરસામાં બાઈક લઈને ગિફટ સિટી પહોંચ્યા હતા. બાઈક પર ત્રિપલ સવારી જઈ રહેલા યુવાનોને ગીફટ સીટી ની અંદર અકસ્માત નડયો હતો. બાઈકચાલક યુવાને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બાઈક ડિવાઈડર પર ચઢી ગયું હતું અને ત્યાંથી ફંગોળાઈને ત્રણેય યુવાન મિત્રો રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માતમાં એક યુવા મિત્ર નું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયુ હતું. જ્યારે તેના બે મિત્રો પ્રદીપસિંહ દિલીપસિંહ વાઘેલા (રહે.રાંદેસણ) અને ખોડાભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ (રહે.ભાઈજીપુરા) ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં બંને યુવાન મિત્રોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા તો બીજી તરફ મૃત્યુ પામેલા યુવાનના પરિવારના સભ્યો સ્થળ પર પહોંચી ગયા હતા અને આ મામલે તેમને કોઈ ફરિયાદ ન કરવી હોવાનું અને પોસ્ટમોર્ટમ ન કરાવવું હોવાનું નિવેદન આપી પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી.

# યુવા દિશા કેન્દ્ર અને રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા નશાબંધી રેલીનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૨૮
યુવા દિશા કેન્દ્ર અને રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા નશાબંધીના દૈત્યને નાશ કરવાના ઉમદા આશયથી સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ, સેક્ટર-૨૪ ખાતે નશાબંધી રેલીનું ભવ્ય આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલના બાળકોએ સ્વયં બેનરો અને સૂત્રો તૈયાર કર્યા હતા તેમજ કોઈપણ પ્રકારનો નશો નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત આ બાળકો રેલી રૂપી શાળા પ્રાંગણમાંથી નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ખાતે સૂત્રોચ્ચાર સાથે ગયા હતા. જ્યાં તેઓએ સાયન્સ વિશેની સમજ અને પ્રયોગો નિહાળ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા યુવા દિશા કેન્દ્ર તેમજ સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલના ટ્રસ્ટી અને જાણીતા સામાજીક કાર્યકર સંજીવ મહેતા, શ્રીમતી જાગૃતિ મહેતા સહિત શાળા પરિવારના આચાર્યો, શિક્ષકગણ, સ્ટાફ મિત્રો, રોટરી કલબ ઓફ કેપિટલ - ગાંધીનગરના પ્રમુખ શ્રી ભરત પટેલ, સેક્રેટરી પાર્થ ઠક્કર, રોટરેક્ટ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ચાવડા, સેક્રેટરી મિલન રાઠોડ, હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામી સહિત નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલ પટેલ સહિત અનેક લોકોએ યોગદાન આપ્યું હતું.



જયોતિ મહિલા મંડળ દ્વારા ગાંધીનગરના સે-૫ ખાતે પ્રેરણા વિદ્યાલયમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા, કેશ ગુંથન સ્પર્ધા વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ, શાળાના આચાર્ય મહેશભાઈ તથા નીરૂબેન નાયકની ઉપસ્થિતિમાં પંચદેવ મંદિરના નીલકંઠભાઈ શાસ્ત્રીએ ગૌરીવ્રતનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમને મીનાબેન શાહ, રમીલાબેન મિસ્ત્રી, હર્ષાબા ધાંધલ, કિન્નરીબેન દવે વગેરેનો સહકાર પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે મનિષાબેન વાડિયા દ્વારા ગૌરી વ્રત નિમિત્તે શાળાની વિદ્યાર્થીનીઓને મિઠાઈ ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓરી-રૂબેલા રસીકરણ

ગાંધીનગર, તા.૨૮
ઓરીનો અંત આણવા અને રૂબેલાના નિયંત્રણ માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે ત્યારે શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓને ઓરી-રૂબેલા સામે સુરક્ષા આપવા રસીકરણ કરવામાં આવ્યું હતું.

ઓરી-રૂબેલાની રસી આપવાની આવશ્યકતાને ધ્યાનમાં રાખી કોઈ પણ જાતના ભય વગર વિદ્યાર્થીઓ-વાલીઓમાં ઉત્સાહ જણાતો હતો. આ રસીકરણ કાર્યક્રમમાં શ્રીમતી નીલાબેને ખાસ હાજરી આપી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો હતો.

# વીપીએમપી પોલિટેકનીક કોલેજમાં હેમ રેડિયો નિદર્શન અને ફન વીથ કેમેસ્ટ્રી યોજાયા



ગાંધીનગર, તા.૨૬
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ કોમ્યુનિકેશનના વિવિધ સાધનોને ઓળખે અને કુદરતી આપત્તિ સમયે તેનું મહત્વ સમજે તે હેતુથી તા. ૨૫-૭-૨૦૧૮ના રોજ વીપીએમપી પોલીટેકનીક કોલેજ સે-૧૫ ખાતે 'હેમ રેડિયો નિદર્શન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જીડીએમએના નિવૃત્ત ડાયરકેટર જગદિશ પંડયા, પી.આઈ. પી.સી. વાલેરા, નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જગદીશ પંડયાએ વિદ્યાર્થીઓને હેમ રેડિયો વિશે સમજ આપી હતી તેમજ કુદરતી આપત્તી જેવી કે ભૂકંપ, વાવાઝોડા, સુનામી આવે ત્યારે બધી જ કોમ્યુનિકેશન સેવા બંધ થાય છે ત્યારે હેમ રેડિયો એક એવું સાધન છે જે કોમ્યુનિકેશનમાં ખુબ મદદરૂપ થાય છે તેની વિગતવાર માહિતી આપી હતી.

પી.આઈ. પ્રવિણભાઈ વાલેરાએ વિદ્યાર્થીઓને ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો સંસ્થા વિશે માહિતી આપી હતી તેમજ હેમ રેડિયો ઓપરેટર બનવા માટેની માહિતી આપી હતી. આ પ્રસંગે હેમ રેડિયો સેટનું પ્રાયોગિક નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમના બીજા સેશનમાં ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા 'ફન વીથ કેમેસ્ટ્રી' અંતર્ગત વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો બતાવવામાં આવ્યા હતા. આ બંને કાર્યક્રમમાં પોલીટેકનીક કોલેજના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને પોલીટેકનીક કોલેજના પ્રાધ્યાપક પાયલ ત્રિવેદીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના રાગ-રાગીણી ગાયન-વાદન સાથે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮
અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે શાસ્ત્રીય સંગીતના કલાગુરુ પિનાકીન વ્યાસ દ્વારા શહેરના શાસ્ત્રીય સંગીતના સાધકોને એક શુધ્ધ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગની પ્રસ્તુતિ કરીને સંગીત કલાગુરૂને અંજલિ અર્પવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં રાગ ખમાજ, કાફી, વૃંદાવની સારંગ, યમન, બિહાગ, જૌનપુરી, કેદાર, દુર્ગા, હમીર, માલકૌંસ, પુરીયા, ધનાશ્રી, દરબારી, મિયાંમલ્હાર અને ભૈરવી જેવા રાગોની સુંદર પ્રસ્તુતી થઈ હતી સાથે તબલાવાદન અને બાંસૂરી વાદન પણ કરવામાં આવ્યું હતું.

ગુરૂપૂર્ણિમાના આ કાર્યક્રમમાં અરવિંદ કેન્દ્રના ડૉ. તન્ના અને સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ખાસ આમંત્રિત હતા. પિનાકીન વ્યાસે દરેક રાગની માહિતી સાથે સૌ શિષ્યોને શિખવેલી કલા પ્રસ્તુત કરી જેમાં એમણે હાર્મોનિયમ સાથે સંગત કરી હતી. આ કાર્યક્રમમાં યથાર્થ ધોળકીયા, વૃંદા વ્યાસ, દિશી દવે, પલ્લવી પટેલ, વૈશ્વી પૂજારા, હર્ષા ધોળકીયા, અગ્રીમા પંડયા, સાહિલ રામી, અક્ષય મકવાણા, સચિન પટવર્ધન, આંગી શાહ, હિર મહેતા, રૂદ્રી શુકલા, વિનોદ ગજ્જર, ઉજ્જવલ સાંડેસરા, સચિન સોલંકી, જયદેવ પ્રજાપતિ, ભાવિન ગઢવી, કલ્પના ધોળુ, મીના રાવલ, વત્સલ ઓઝા, સેજલ વાળા, અમિષા સોલંકી, વાણી વછાણી, શ્રુતી મહેતા, કિંજલ દેસાઈ, સાઈની ક્રિશ્ચીયન, લોરેન ક્રિશ્ચીયન, જયનવી પ્રજાપતિ, પ્રિયંકા મરાઠે, મૈત્રી પંડયા, યશ્વી ભટ્ટ, વૈષ્ણવી જયસ્વાલ, દિપ્તી જાની, પાર્થ રાજ, જયદિપ સોલંકી અને બી.રક્ષના જેવા ગાયકોએ એમની પ્રસ્તુતી કરી માહોલ શત પ્રતિશત હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનો બનાવ્યો હતો. શાસ્ત્રીય સંગીતના ભાવકો વચ્ચે યોજાયેલો આ ગુરૂ પૂર્ણિમાનો કાર્યક્રમ નાવિન્યસભર હતો.

## સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮
આપણી ભકિત પરંપરા મુજબ અષાઢ વદ-૨થી એક મહિના સુધી ભગવાનને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે.

ગાંધીનગર સેકટર-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી તા. ૨૯-૭-૧૮ રવિવારથી હિંડોળા ઉત્સવ શરુ થાય છે. જે શ્રધ્ધા-સમર્પણ-ભકિત ભાવના અને કલા સંસ્કૃતિનો ઉત્સવ છે. સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ દર વર્ષે વિશેષ ઉત્સાહથી ઉજવાય છે અને જેના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં આવે છે. એક મહિના સુધી ચાલનારા હિંડોળાનો સમય સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાનનો રહેશે જેને ભકતજનોને નોંધ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. આશાબેન એકનાથ સોલંકી, ઉ.વ. ૨૫
● સ્વ. સોલંકી કેશરબેન શકરાજી, ઉ.વ. ૬૦